R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February

નાપા - નડિયાદ - પાદરા દિશાવાળ સમાજનું અગ્રણી મુખપત્ર

ગુજરાતનો સમૃધ્ધ વૈશ્વિક ઉચ્ચ જ્ઞાતિનો સનાતન પરિવાર

# સદ્‌ગુણ જયતે

ત્રિમાસિક

સનાતન સદ્દકર્મ સંસ્કાર સાહસ સમજુતી સંબંધ

Editor: KAUSHAL JAYANTILAL SHAH

Mobile : 88668 83883

SADGUN JAYATE (QUARTERLY)

Yr: 03 ● Iss. : 03 ● Cont. Issue: 11 ● November 25, 2024 ● Page: 04 ● Price : Rs. 5-00 ● Annual Sub. : Rs.20/-

Off. : Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad - 6

# ભગવાન શિવજીની અર્ધપરિક્રમા કેમ ..?

શિવજી ની અડધી પરિક્રમા કરવાનો નો રિવાજ છે , એ એટલા માટે કે ભગવાન શિવજી ના સોમસુત્ર ને લાંઘી નથી શકતા, જ્યારે આપણે અડધી પરિક્રમા કરિયે છીએ ત્યારે તેને ચંદ્રાકાર પરિક્રમા કહેવાય છે, શિવલિંગ ને પ્રકાશ નું સ્વરૂપ માનવામાં આવે છે અને તેની આસપાસનો વિસ્તાર એને ચંદ્ર... તમે આકાશમાં અર્ધ-ચંદ્ર ઉપર શુક્ર તારો જોયો હશે. આ શિવલિંગ ફક્ત તેનું પ્રતીક નથી પરંતુ આખું બ્રહ્માંડ જ્યોતિર્લિંગ સમાન છે.

"અર્ધ સોમસુત્રાન્થમયાર્થ": શિવ પ્રદક્ષિનિ કુર્વાણ સોમસૂત્ર ન લંગાયેત્? ઈતિ વચનામૃત.''

**સોમસુત્ર એટલે શું ? ....**

શિવલિંગની નિર્મલીને સોમસૂત્ર કહેવામાં આવે છે. ભગવાન શિવની પ્રદક્ષિણામાં સોમસુત્રનું ઉલ્લંઘન ન કરવું જોઈએ એવું શાસ્ત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે, નહીં તો દોષ મળે છે. સોમસુત્રનો વર્ણન કરીને કહેવામાં આવ્યું છે કે ભગવાનને જે પાણી કે દૂધ નો અભિષેક કરવામાં આવે છે તે સોમસુત્ર નું સ્થાન છે

**સોમસુત્ર ને કેમ ન લાઘવું જોઈએ?**

સોમસુત્રમાં શક્તિનો સ્રોત છે, તેથી તેને લાઘતી વખતે પગ ફેલાય છે અને અભિષેક કરેલી પ્રવાહી નિર્મિત અને પાંચ અંતષ્ઠ વાયુ કે પ્રવાહ ઉપર વિપરીત અસર પડે છે જેથી દેવદત્ત અને ધનંજય વાયુ તેમજ અન્ય વાયુના પ્રવાહને અવરોધે છે. જેથી આપણા શરીર અને મન પર અસર પડે છે...તેથી શાસ્ત્રોક્ત આદેશ એ છે કે શિવનો અર્ધચંદ્રાકાર પરિક્રમા કરવી જોઈએ શાસ્ત્રોમાં વર્ણન કરેલું છે કે સોમ સૂત્રને લાકડા, પાંદડા, પથ્થર, ઈંટ, વગેરેથી ઢંકાઈને રાખવાથી પછી તેના ઉપર પરિક્રમા કરવાથી દોષ નથી લાગતો પરંતુ




શાસ્ત્રો મા એમ પણ કહેવાયું છે કે 'શિવ્યાર્ધ પ્રદક્ષિણા કરવી જોઈએ જેનો મતલબ છે કે શિવ ની અર્ધ પરિક્રમા કરવી જોઈએ

**કઈ બાજુથી કરવી જોઈએ પરિક્રમા?**

પરિક્રમા હંમેશા ડાબી બાજુ થી શરૂ કરી ને જમણી બાજુ જે અભિષેક નો પ્રવાહ હોય ત્યાં સુધી જઈને પાછો વિપરીત દિશા મા આવીને પુરી કરવી જોઈએ...!

ૐનમ:શિવાય



# આટલી જાતના જ "માણહ" "("માણસ") હોય છે ગુજરાતી ભાષામાં !!



અવળચંડા,
અકલમઠા,
અદેખા,
અકર્મી,
આપડાયા,
ઓસિયાળા,
ઉતાવળા,
આઘાપાસિયા,
એકલપંડા,
ઓટીવાળ,
કજીયાખોર,
કદરૂપા,
કરમહીણા,
કવાજી,
કસબી,
કપટી,
કપાતર,
કકળાટીયા,
કામી,
કાળમુખા,
કાવતરાખોર,
કાણગારા,
કાંડાબળિયા,
કમજાત,
કાબા,
કબાડા,
અધકચરા,
અજડ,
આળસું,
અટકચાળિયા,
ખટપટિયા,
ખુંધા,
ખાવધરા,
ખટહવાદિયા,
ખૂટલ,
ખેલાડી,
ખેલદિલ,
ખોચરા,
ખુવાર,
ગરજુડા,
ગપસપિયા,
ગપ્પીદાસ,
ગણતરીબાજ,
ગળેપડું,
ગંદા,
ગંજેરી,
ગાંડા,
ગોલા,
ગોબરા,
ગમાર,
ગુણગ્રહી,
ગભરુ,
ગુલાટમાર,
ગાલાવેલિયા,
જ્ઞાની,
ઘરરખા,
ઘરમુલા,
ઘમંડી,
ઘરઘૂસલા,
ઘરફાળુ,
ઘેલહાગરા,
ઘોંઘાટિયા,
ઘૂસણખોર,
ચતુર,
ચહકેલ,
ચબરાક,
ચોવટિયા,
ચાપલા,
ચાગલા,
ચીકણા,
છકેલછોકરમતીયા,
છેલબટાવ,
છીંછરા,
જબરા,
જોરાવર,
જબરવસીલા,
જોશીલા,
જીણા,
ઠરેલ,
ઠાવકા,
ઠંડા,
ડંફાસિયા,
ડાકુ,
ડરપોક,
ડંખીલા,
ડફોળ,
તમોગુણી,
તરંગી,
તુકાબાજ,
દયાળુ,
દરિયાદિલ,
દાતાર,
દાણચોર,
દુ:ખીયા,
દિલદગડા,
દોરંગા,
દોઢડાયા,
દિલદગડા,
ધંધાદારી,
ધમાલીયા,
ધોકાપંથી,
ધાળપાડું,
ધુતારા,
ધર્મનિષ્ઠ,
ધૂળધોયા,
ધિરજવાન,
નવરા,
નગુણા,
નખોદીયા,
નમાલા,
નિડર,
નિશ્વાર્થી,
નિજાનંદી,
નિષ્ઠુર,
નિર્ણય,
નિર્મોહી,
પરોપકારી,
પરિશ્રમી,
પરાધીન,
પહોંચેલા,
પંચાતિયા,
પાણિયારા,
પાંગળા,
પુરષાર્થી,
પોચા,
પોપલા,
પ્રેમાળ,
પાગલ,
ફરતિયાળ,
ફોસી,
ફતનદિવાળીયા,
ફાકાળ,
ફાલતુ,
ફુલણસિંહ,
ફાટેલ,
બહાદુર,
બગભગત,
બટકબોલો,
બચરવાળ,
બહુરંગા,
બેદરકાર,
બિચારા,
બોતડા,
બાયલા,
બિકણા,
બોલકણા,
બળવાખોર,
બુદ્ધિશાળી,
ભડવીર,
ભૂલકણા,
ભલા,
ભદ્રિક,
ભારાળી,
ભાંગફોડિયા,
ભૂંડા,
ભોળા,
ભમરાળા,
મરણિયા,
મસ્તીખોર,
મફતીયા,
મનમોજી,
મતલબી,
મિંઢા,
મિઠાબોલા,
મિંજરા,
મારફાડિયા,
માયાળુ,
માખણીયા,
મારકણા,
મુરખા,
મરદ,
રમુજી,
રમતીયાળ, ??
રસિક,
રાજકારણી,
રજવાડી,
રિસાડવા,
રોનકી,
રોતી,
રૂડા,
રેઢલ,
રેઢીયાળ,
સુધરેલા,
સમજદાર,
શંકાશિલ,
શાણા,
સંતોષી

તમે ક્યાં કે કેટલા પ્રકારમાં આવો છો ?

★ ★ ★

# બાળકો સાથે વધારે સખત વર્તન કરવાથી નુકસાન પણ થઈ શકે છે!

ઘણીવાર બાળકોને ના પાડવા છતાં પણ તે કામ કરે છે, જેની તેને મનાઈ હોય છે. તેમના આવા વર્તનથી ઘણી વાત માતા-પિતા ચિંતિત થઈ જાય છે અને તેની સાથે સખત વર્તન કરે છે. નિષ્ણાંતોનું માનીએ તો માતા પિતા નું આવરણ બાળકોને બદમીજાજ બનાવી દે છે. ઘણીવાર માતા-પિતા પોતાના મોટા થતાં બાળકોની સમસ્યાઓને સમજી શકતા નથી. પરિણામે બાળકો અને માતા-પિતાના સંબંધો વચ્ચે અંતર આવી જાય છે.

તેઓ દરેક બાબતનો વિરોધ કરવા લાગે છે. કિશોર વયે બાળકોમાં આ બદલાવ અચાનક થતો નથી,પરંતુ માતા-પિતા આ બાબતને સમજી શકતા નથી અને તેમની સાથે સખત વર્તન કરવા લાગે છે. તેની યોગ્ય રીત એ છે કે માતા-પિતા ધીરજપૂર્વક કામ લે, જેથી બાળકો તમારી વાત સાંભળે અને તેનું પાલન પણ કરે.



### સ્પર્ધા ન કરો:

ઘણી વાર માતા-પિતા પોતાના જ બાળકો વચ્ચે સ્પર્ધા કરે છે. એકબીજાની સરખામણી કરવા લાગે છે. ક્યારેક બાળકોને ઝડપથી હોમવર્ક કરવામાં સ્પર્ધા કરાવે છે, તો ક્યારેક ઝડપથી ખાવા-પીવાની વસ્તુઓમા, તમારા આ પ્રકારના વ્યવહારથી બાળકોમાં હીન ભાવના આવી જાય છે અને તમને ખબર પણ રહેતી નથી. તેના આત્મવિશ્વાસમાં ઉણપ આવે છે, જેનાથી બાળક બહાર પણ હળવા મળવા અને લોકો સાથે વાત કરવામા અચકાય છે.

### ગુણવત્તાયુક્ત સમય આપો:

ભલે તમે નોકરી કરતા હોય કે ધંધો, બાળકો સાથે સમય વિતાવવો ખૂબ જરૂરી હોય છે. બાળકો પણ ઈચ્છે છે કે તેમને માતા-પિતાનું વધુમાં વધુ સાનિધ્ય મળે. આવું ન થાય તો પણ બાળકો ચીડિયા થઈ જાય છે.

### બાળકો સાથે ટીવી જુઓ:

બાળકો નાના હોય કે મોટા, માતા-પિતાએ બાળકો સાથે બેસીને ટીવી જોવી જોઈએ. તેનાથી તમે જાણી શકો છો કે બાળકો ટીવીમાંથી શું સારું કે ખરાબ શીખી રહ્યા છે. બાળકો કઈ વસ્તુઓથી અપડેટ થઈ રહ્યા છે. તેમને તેવા પ્રોગ્રામ જોવા દો, જે જ્ઞાનવર્ધક છે.

### વાતચીત વધારો:

બાળકોને પણ તમારી વાતચીતમાં શામેલ કરો. તેમની સ્કૂલ વિશે વાતો કરો અને તેની પ્રવૃત્તિઓ વિશે પૂછો. વાતચીતનો અવકાશ જેટલો વધશે, તેટલું જ બાળકો તમારી સાથે ખુલ્લા મનથી દરેક મુદ્દા પર વાત કરી શકશે.

કારણકે કિશોર વયે ઘણા બાળકો પોતાની અંદર થઈ રહેલા હાર્મોનલ પરિવર્તન વિશે જણાવી શકતા નથી. આવી સ્થિતિમાં જરૂરી છે કે તમે તેના સંબંધિત અમુક બાબતો પહેલાં જ જણાવી દો, જેથી તેઓ ભટકી ન જાય. ઘણીવાર બાળકોને જ્યારે આ સંબંધિત જવાબોમાં નથી ત્યારે તેઓ ઈન્ટરનેટ, ટીવી અને મિત્રોની મદદ લે છે, જે ખૂબજ જોખમી છે. તેનાથી બાળક ડિપ્રેશનમાં જતું રહે છે અને હતાશાથી બાળકનો માનસિક અને શારીરિક વિકાસ યોગ્ય રીતે થઈ શકતો નથી. તેથી તેની જે કંઈ પણ સમસ્યા હોય તેને ધ્યાનપૂર્વક સાંભળો અને તેને ઉકેલવામાં મદદ કરો. જો સલાહકારની જરૂર હોય તો તેની મદદ પણ લો.

### તમારા બાળકને સમજો:

તમારું બાળક શું ઈચ્છે છે, તેની રુચિ કઈ વસ્તુમાં છે, તેને જાણવાનો પ્રયત્ન કરો. પાડોશીનું બાળક શું કરી રહ્યું છે અને શું નહીં, તે વાતથી વધારે જરૂરી છે કે તમારું બાળક શું ઈચ્છે છે? જે વસ્તુમાં તેની રુચિ હોય તેને પ્રોત્સાહન આપો.



હાથમાં પાંચે આપડા, ઈષ્ટ દેવ બીરાજે છે.. અંગુઠામાં - વ્રજ તર્જનીમાં ગીરીરાજ મધ્યમામાં ઠાકોરજી અનામિકામાં - યમુનાજી કનિષ્કામાં મહાપ્રભુજી સવારે ઉઠીને હાથને વંદન કરવાથી પાંચે ને વંદન થાય છે.. જય શ્રી કૃષ્ણ

## ટાઇમપાસ....

દરેક પ્રશ્નના જવાબમાં છેલ્લો અક્ષર 'રી' આવવો જોઈએ.

(૧) એક ફરસાણ, (૨) તોફાની છોકરા કરે, (૩) લગ્ન ન થયા હોય તેવી કન્યા, (૪) મહેનત કરી મજૂર મેળવે છે, (૫) શૂટકેશ બનાવતી કંપની, (૬) ડોકટર નેનેની પત્નીનું નામ, (૭) કપડાં મૂકવા શેની જરૂર પડે, (૮) સ્ત્રીનું ઉપનામ, (૯) રામાયણનું પાત્ર, (૧૦) ભજિયા સાથે તેલમાં પડે, (૧૧) નાનાં બાળકોની વાર્તામાં આવતી સૌની વ્હાલી, (૧૨) શાક સુધારવાનું સાધન, (૧૩) રસોઈમાં મીઠું વધુ પડતાં રસોઇ લાગે, (૧૪) સુરતની વખણાતી મીઠાઇ, (૧૫) આ લાગે તો પૈસાદાર બનાય, (૧૬) દેશી પીઝા.

જવાબ :

(૧) ચકરી, (૨) મશ્કરી, (૩) કુંવારી, (૪) મજૂરી, (૫) સફારી, (૬) માધુરી, (૭) અલમારી, (૮) નારી, (૯) મંદોદરી, (૧૦) મમરી, (૧૧) પરી, (૧૨) છરી, (૧૩) ખારી, (૧૪) ઘારી, (૧૫) લોટરી, (૧૬) ભાખરી.

R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February



# કર્મોની ગતિ ન્યારી છે

કુદરતના નિયમો આપણે સમજી શકતા નથી અને એટલે અનેક કર્મોના બંધનોમાં પડીએ છીએ.

કુદરતનો સાદો નિયમ એ છે કે સારું કામ કરો તો સારું ફળ મળે ખરાબ કામ કરો તો ખરાબ ફળ મળે. બંન્ને ના ફળ તો ભોગવવા જ પડે . એવું કદી નથી કે સારા કામ કરવાથી ખરાબ કર્મોનું ફળ ધોવાઈ જાય . અત્યંત નીચ પ્રકારના કર્મો કર્યા હશે અને પછી એ ધોવા માટે ગમે તેટલા સદ્‌કર્મો કરો અને રાજી થાવ કે હવે ચિંતા નહીં. ના આવું નથી તમારાં સદ્‌કર્મોનું ફળ તમને ચોક્કસ મળશે પણ ખરાબ કર્મોનું ફળ પણ ભોગવવું જ પડશે.

આ વાત અત્યારે એટલે કરું છું કે વર્તમાન આપણે સૌ અત્યંત દયનિય પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ. કોરોના એ ચારે બાજુ કાળો કેર વર્તવ્યો છે. જાણે અજાણે આપણે કરેલા કર્મોની જ સજા કુદરત આપણને આપી રહી છે.

કેટલાક ઉદાહરણો:

મલ્ટીપ્લેક્સ થિયેટરમાં તેનાં માલિકોએ નફાની હદ કરી દીધી હતી ૨૦ રૂપિયાની પાણીની બોટલ ૫૦ માં, ૧૦૦ ગ્રામ ધાણી- પોપકોર્નના નામે ૪૦૦ માં (બજારમાં આટલા રૂપિયામાં એક મણ મકાઈ મળે છે.) એ લોકો વેચતા હતા હાલ કુદરતનો ન્યાય જુઓ , કરોડોના થિયેટર ધુળ ખાય રહ્યા છે.



પાર્ટીપ્લોટ વાળા મોં માંગ્યા રૂપિયા લેતાં હતા. નકકી થયાં પછી ૧૦ X૧૦ નું એક વધારાનું કાપડ બાંધે તો ફરાસખાના વાળા તોતિંગ બિલ આપી દેતાં. હાલ ઈશ્વરનો ન્યાય જુઓ આ લોકો પાસે કોર્પોરેશન નો ટેક્સ ભરવાના પણ પૈસા નથી.

કેટરીંગ વાળા, નફો વધારવા તેમને જેટલી લુચ્ચાઈ આવડતી હતી તે બધી વાપરી નાખતાં . પનીર ની સબ્જીમાં ડુબકી મારો ત્યારે બે ચાર પનીરના ટુકડા દેખાય, પનીર પણ મિલાવટ વાળું, અને ગ્રેવીની તો વાત જ છોડો. હાલ આ લોકોને પોતાના ઘરમાં શાક બનાવવાના સાંસા છે મોટા મોટા મોલમાં એક શર્ટ ૩૦૦૦ નું, એક પેન્ટ ૪૫૦૦નું, બાળકોના કપડાંમાં તો જાણે સોનાના દોરાની સિલાઈ કરી હોય તેવા ભાવ. હાલ આ લોકોની દશા ખૂબ દયનિય છે. વર્ષોથી લોકોને લૂંટયા તે વ્યાજ સહિત ભોગવી રહ્યા છે.

ટ્રાવેલ્સ વાળા, કોઈને ગાંઠતા નહતા, હાલ તેમની ગાડીઓના હપ્તા નથી ભરાતા. વેચવી છે પણ કોઈ ગાડી લેનાર નથી.

પ્રવાસ આયોજકો, રીતસર ઉઘાડી લુંટ ચલાવતા હતા અત્યારે ઓફીસનું ભાડું ભરવાના ફાંફાં છે.

બિલ્ડરો, જેને કેટલો નફો રાખવો તે કહેનાર જ કોઈ નહતું. આજે એમને ત્યાં પણ ચકલાં ઊડે છે.

સોનાના શોરૂમ, આવતાંય લુટે ને જતાંય લુંટે ,આજે શટર ઊંચું નહોત કરી શકયા.

વીડિયો શુટિંગ વાળા , મીઠાઈની મોટી મોટી દુકાનો વાળા, બજારના ગિધ્ધ જેવાં વેપારીઓ , ફેરિયાઓ, પ્રોવિજન સ્ટોર વાળા, શાકભાજીના દલાલો , જ્યાં જુઓ ત્યાં માત્ર ને માત્ર લુંટ મચી હતી.

પણ સમય આવે કુદરત સૌનો ન્યાય કરે છે. હજુ જે નથી સુધર્યા તેમનો પણ આજે નહીં તો કાલે નંબર આવવાનો જ છે. ભગવાનની લાઠીનો અવાજ નથી હોતો. કર્મ કોઈને છોડતું નથી .કોઈકે એકનો એક દીકરો ગુમાવી દીધો, કોઈકે માં કે બાપ ગુમાવી દીધા, કોઈનું આખું કુટુંબ હોમાય ગયું, કેટલાક કરોડો અબજોની સંપત્તિ વાપરવા ના રહ્યાં

હજુ ઊંડે ઊંડે પણ જો થોડી માનવતા બચી હોય તો પાછા પડી જાવ. કર્મોની ગતિ ન્યારી છે .

**(કોઇએ બંધબેસતી પાઘડી પહેરવી નહિ. આ વાતો કાલ્પનિક છે.)**

"સદ્‌ગુણ જયતે" ત્રિમાસિકમાં છપાયેલા સમાચારો, લેખો, રચનાઓ અને ફોટોગ્રાફ વગેરે સાથે તંત્રીનું સહમત હોવું જરૂરી નથી.

• Printer, Publisher & Owned by •
**Kaushal Jayantilal Shah, and**

**• Printed at Shri Ganesh Offset, A/6, Subh Labh Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad 380 004, and**

**• Published from •**
Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad- 380 006

• Editor : **Kaushal Jayantilal Shah**

**To,**

**BOOK-POST**